Wednesday 07, May 2025
Page : 04 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૩૦૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

# આજે દાનહ તથા નવસારી, ડાંગ જિલ્લામાં ડિફેન્સ મોકડ્રીલ

## દાનહમાં તમામ પંચાયતો અને સેલવાસમાં સાંજે મોક એક્સરસાઈઝ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૦૬ :** દાદરા અને નગર હવેલી ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (DNHDDMA) તમામ ૨૦ પંચાયતો અને SMCમાં ૦૭મી મે-૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ વાગ્યે સજ્જતા અને ખાલી કરાવવાના વિષય પર સૌપ્રથમ મોક એક્સરસાઈઝ કરવા જઈ રહી છે. મોક એક્સરસાઈઝ માટે મહત્વના સ્થાનો છે ૧. એપીજે અબ્દુલ કલામ કોલેજ, સિલ્વાસા ૨. મિની કલેક્ટર કચેરી, ખાનવેલ ૩. પંચાયત ઘર, નરોલી ૪. ડૉ. બી.બી.એ. સરકારી પોલિટેકનિક, કરાડ અને ૫. GNLU કેમ્પસ, સિલવાસા.

DNHFES, મેડિકલ, પોલીસ, PWD, શ્રમ, આબકારી વિભાગ, જિલ્લા પંચાયત અને SMC વગેરે જેવા વિવિધ વિભાગોના અધિકારીઓ આ મોક એક્સરસાઈઝમાં ભાગ લેશે. આ મોક કવાયત ઈન્સિડેન્ટ રિસ્પોન્સ સિસ્ટમ (IRS) ના સિદ્ધાંત પર હાથ ધરવામાં આવશે, જે સ્પષ્ટપણે તાત્કાલિક કાર્યોની ગણતરી કરે છે જે એકવાર આવી આપત્તિ આવે ત્યારે વહીવટી અધિકારીઓ દ્વારા કરવાની જરૂર છે.

વધુમાં, DNH ના નાગરિકોને એ પણ જાણ કરવામાં આવે છે કે આ કવાયતને પગલે, તાલીમ અને જાગૃતિના હેતુઓ માટે વિવિધ મહત્વપૂર્ણ સ્થાનો પર ડિસ્ટ્રેસ સિગ્નલો સાથે સાયરન એલર્ટ હશે. લોકોને સલાહ આપવામાં આવે છે અને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ગભરાઈ ન જાય અને આ કવાયતને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપે. તદુપરાંત, કટોકટીના કિસ્સામાં લોકોને તાલીમ આપવા અને સંવેદનશીલ બનાવવા માટે દરેક ગામમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નિયુક્ત ટીમો નિયુક્ત કરવામાં આવશે. આ કવાયતનો ઉદ્દેશ્ય નાગરિકોને તાલીમ આપીને અને નિર્ણાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પરીક્ષણ કરીને કટોકટીની સજ્જતા અને જાહેર સલામતી તંત્રને વધારવાનો છે.

આ એક્સરસાઈની જવાબદારી પ્રિયંક કિશોર, કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, દાદરા અને નગર હવેલી સંભાળશે. જ્યારે અમિત કુમાર, નિવાસી ડેપ્યુટી કલેક્ટર, સિલવાસા આ કવાયત માટે ઈન્સીડેન્ટ કમાન્ડર હશે.

આ મોક એક્સરસાઈઝ વિવિધ હિસ્સેદારોમાં પ્રદેશમાં જાગરૂકતા પેદા કરવા માટે એક માધ્યમ તરીકે કામ કરશે અને કટોકટીની પરિસ્થિતિ માટે તમામ હિસ્સેદારોમાં આપત્તિ પ્રતિભાવની તૈયારીને વેગ આપશે.

## નવસારી જિલ્લામા સાંજે મોકડ્રિલ અને અંધારપટ

**નવસારી, તા. ૦૬:** કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સૂચના અનુસાર ગુજરાત રાજ્યના ૧૮ જિલ્લાઓમાં જાહેર સુરક્ષા સુનિશ્ચિત કરવા બાબતની મોકડ્રિલનું આયોજન કરાયું છે. જે અન્વયે નવસારી જિલ્લામાં પણ સિવિલ ડિફેન્સ મોકડ્રિલનું આયોજન તા.૦૭-૦૫-૨૦૨૫ના રોજ સાંજે ૦૪ વાગ્યાં થી ૦૮ વાગ્યાં સુધી કરાયું છે.

આ સાથે, તૈયારી સ્વરૂપે, સાંજે ૦૭ઃ૩૦ થી ૦૮ વાગ્યાં દરમ્યાન હવાઈ હુમલો (એર રેઈડ) દરમિયાન સુરક્ષાની તૈયારી સ્વરૂપે નાગરિકો તથા તંત્ર દ્વારા કયા કયા પગલા લેવાના હોય તે અંગે મોકડ્રિલ યોજાશે. જેમાં હવાઈ હુમલો ટાળવા માટે સંપૂર્ણ બ્લેકઆઉટ એટલે કે સમગ્ર જિલ્લાની તમામ લાઈટ્સ બંધ કરી દેવામાં નાગરિકોને નવસારી જિલ્લા તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

અત્રે નોંધનીય છે કે, આ મોકડ્રિલ યોજવાનો ઉદેશ કઠિન પરિસ્થિતિમાં જાહેર જનતા કઈ રીતે સરકારને મદદરૂપ થઈ શકે તે સુનિ?િત કરવા સાથે સ્થાનિક તંત્ર સાથે સહયોગ સાધવા માટેનો છે. આ મોકડ્રીલથી નાગરિકોને ડર કે ભય અનુભવવાની જરૂરિયાત નથી.

## ડાંગમાં સિવિલ ડિફેન્સ દ્વારા ઓપરેશન અભ્યાસ

**આહવા, તા.૦૬ :** કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સૂચના મુજબ જાહેર સુરક્ષા સુનિશ્ચિત કરવાં સમગ્ર રાજ્ય સહિત ડાંગ જિલ્લામાં પણ આવતીકાલે તાં. ૭ મે નાં રોજ સિવિલ ડિફેન્સ દ્વારા સાંજના ૪ થી ૮ વાગ્યાં દરમિયાન ઓપરેશન અભ્યાસનું આયોજન કરવામાં આવેલ છે.

જે સંદર્ભે ડાંગ જિલ્લામાં પણ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે સાંજના ૪ થી ૮ વાગ્યાં દરમિયાન આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ઓપરેશન અભ્યાસનું આયોજન કરવામાં આવેલ છે.

ઓપરેશન અભ્યાસનો મુખ્ય હેતુ, નાગરિકોની સુરક્ષા માટે વહીવટી તંત્રની તૈયારી તથા કોઈપણ પ્રકારની ઈમરજન્સી સર્જાય ત્યારે શું કરવું તેની જાગૃતતા માટે ઓપરેશન અભ્યાસ કરવામાં આવનાર છે. જેમાં કોઈ પણ બનાવ બને ત્યારે બચાવની કામગીરી, ઈજાગ્રસ્તોને હોસ્પિટલ લઈ જવાની કામગીરી, ફસાયેલાં વ્યક્તિઓને સુરક્ષિત સ્થળે લઈ જવાની કામગીરી કરવામાં આવશે.

તાં. ૭ મે નાં રોજ જિલ્લાના મુખ્ય મથક આહવા, સાપુતારા તેમજ સમગ્ર ડાંગ જિલ્લામાં સાંજના ૭:૪૫ થી ૮:૧૫ વાગ્યાં સુધી બ્લેક આઉટ કરવામાં આવશે. એટલે કે સમગ્ર જિલ્લામાં લાઈટ બંધ કરવામાં આવશે. જેમાં પોલીસની સાઈરન વાગે ત્યારે લોકોએ સ્વયંભુ લાઈટ બંધ કરે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવેલ છે. આ સમય દરમિયાન લોકોએ ગભરાવાનાની જરૂર નથી તેમજ તંત્રને સહયોગ આપવાની પણ વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવેલ છે.

આજરોજ જિલ્લા કલેક્ટર કચેરી ડાંગનાં કોન્ફરન્સમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં અધ્યક્ષ સ્થાને દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી ઓપરેશન અભ્યાસ અંગે એક ખાસ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર રાજ્ય સહિત ડાંગ જિલ્લા વહીવટી તંત્રનાં વડા જિલ્લા કલેક્ટર સુ.શ્રી શાલિની દુહાન, જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણીયા, જિલ્લા વિકાસ અધિકારી રાજ સુથાર, દક્ષિણ નાયબ વન સંરક્ષક રવિ પ્રસાદ, ઉત્તર નાયબ વન સંરક્ષક દિનેશભાઈ રબારી, -ંત અધિકારી સુ. કાજલ આંબલિયા સહિતનાં જિલ્લા વહીવટી તંત્રનાં ઉચ્ચાધિકારીઓએ ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતું.

एफएसएसएआई fssai
स्वास्थ्य एवं परिवार कल्याण मंत्रालय MINISTRY OF HEALTH AND FAMILY WELFARE

**છેલ્લી તારીખ : ૩૧મી મે ૨૦૨૫!**


**નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે વાર્ષિક રિટર્નના ફરજિયાત ફાઈલિંગ માટે**
(ફક્ત FSSAI ના FOSCOS પોર્ટલ દ્વારા)

**તમામ FSSAI લાઈસન્સ ધરાવતા ઉત્પાદકો, આયાતકારો અને ઉત્પાદકો - ખાદ્ય પદાર્થોના નિકાસકર્તાએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે તેમનું વાર્ષિક રિટર્ન ભરવું પડશે**

- કલમ ૨.૧.૧૩ અને ૧૫૫ ના લાયસન્સ ૦૫ ની શરતો (ખાદ્ય વ્યવસાયોનું લાઈસન્સ અને નોંધણી) રેગ્યુલેશન્સ, ૨૦૧૧ ને ધ્યાનમાં લો.
- વાર્ષિક રિટર્ન કેવી રીતે ફાઈલ કરવું :
  **પગલું ૧ :** FoSCoS પોર્ટલ માં લૉગિન કરો
  **પગલું ૨ :** ડાબી બાજુ ના મેનુ- એનયુઅલ રીટર્ન- એનયૂઅલ રીટર્ન ભરો પર જાઓ

**વાર્ષિક રિટર્ન ફાઇલ કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા :**

- પાછલા નાણાકીય વર્ષ દરમિયાન "NIL" ઉત્પાદન માટે પણ ફાઈલ કરવામાં આવશે
- નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન લાઈસન્સ સમાપ્ત થઈ ગયું હોય અથવા સરેન્ડર કરાયુ હોય તો પણ ફાઈલ કરવામાં આવશે.
- જો ૩૧મી માર્ચ ૨૦૨૫ પહેલા નવું લાઈસન્સ મેળવ્યું હોય તો પણ ફાઈલ કરવાનું રહેશે.
- રિપેકર અને રિલબેલેરે પણ વાર્ષિક રિટર્ન ફાઈલ કરવું પડશે




**પૂર્ણ ન કરવાના પરિણામો :**

- દંડ. રૂ. ૧ જૂન ૨૦૨૫થી પ્રતિ દિવસ રુ.૧૦૦
- FSS એક્ટ, ૨૦૦૬ની કલમ ૩૨ હેઠળ લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવી શકે છે

**વધુ વિગતો માટે :**

- Fo5CoS [https://foscos finai.gov.in)ની મુલાકાત લો.
- FSSAI ની હેલ્પલાઈન ૧૮૦૦૧૧૨૧૦૦ પર સવારે ૭:૦૦ વાગ્યાથી ૧૧:૦૦ વાગ્યા સુધી કૉલ કરો
- helpdesk-foscos@finai.gov.in પર લખો

fssaiindia fssai fssai_safefood fssaiindia fssai_india


CBC 17163/12/0007/2526

**જોઈએ છે**

**૨૪ વર્ષની ઉમરની છોકરી કે જેને મામુલી માનસિક રોગની અસર છે. તે કોલેજ જાય છે તેમજ મોટા ભાગનું પોતાનું કામ નિયમિત કરી લે છે. તેવા દર્દીને કાઉન્સીલીંગ, દવા તથા દેખરેખ માટે સવારે ૧૦ થી સાંજના ૮.૦૦ સુધી કેર લઈ શકે એવી રીટાયર્ડ/ નોન રીટાયર્ડ નર્સ જોઈએ છે.**

સંપર્ક મો. નં. : 8140977999

**A FAMILY WATERPARK**




VAPI-DAMAN AIR PORT ROAD, KUNTA.
Cell : 98251 20466

## સિવિલ ફિફેન્સ મોકડ્રીલમાં વલસાડ જિલ્લો કેમ બાકાત?

### મધુવન જળાશય, વાપીના જીવતા બોમ્બ જેવા ડઝન બંધ ઔદ્યોગિક એકમો અને ભૂતકાળમાં આરડીએક્સ લેન્ડિંગ સ્પોટ તરીકે કુખ્યાત દરિયાકિનારો હોવા છતાં તંત્ર બોર્ડર સ્ટેટ ધરાવતા જિલ્લાને ભૂલી ગયું ?!






૧૯૭૧ માં ભારત - પાકિસ્તાન વચ્ચે ના યુદ્ધ પછી આજે ૫૪ વર્ષ બાદ ફરીથી દેશમાં ઈમરજન્સી સિવિલ ડિફેન્સ મોકડ્રીલ યોજાઈ રહી છે. સમગ્ર દેશમાં ૨૬૯ અને ગુજરાતમાં ૧૭ જીલ્લામા આ મોકડરીલ યોજવાની છે. આ સિવિલ ડિફેન્સ મોકટેલ યોજવાનો હેતુ દુશ્મનના કોઈપણ આક્રમણ સમયે નાગરિકોને એ હુમલાથી સલામત રહેવા માટે કેવા પગલાં લેવા જોઈએ? કે શું કરવું જોઈએ ?એનાથી માહિતગાર કરી એ પ્રમાણે વર્તન વ્યવહાર માટે નાગરિકોને સુસજ્જ કરવાનો છે. આવી ડ્રિલ થી સામાન્ય જનતામાં કોઈ પણ આકસ્મિક એર સ્ટ્રાઈક, મિસાઈલ હુમલો કે ડ્રોન એટેક જેવા સંજોગોમાં ડર અને ગભરાટથી સર્જાતી અફરાતફરી ની જગ્યાએ સુનિયોજિત અને શિસ્તબદ્ધ રીતે પોતાને અને પોતાની આસપાસના લોકોને સુરક્ષિત કરવાની સમજણ કેળવવાનો હોય છે. જે દેશની આંતરિક સલામતી માટે પણ મદદરૂપ બને છે અને એ રીતે દેશના સૈનિકો સાથે વોર લાઈક સિચયુએશનમાં દેશસેવા માટે નિમિત બની શકે છે. એનસીસી જેવી તાલીમ નાગરિકોમાં એટલા માટે જ મહત્વની ગણાતી હોય છે. જે લોકોએ ઈ.સ. ૧૯૭૧ ના ભારત -પાકિસ્તાન યુદ્ધ અને એને કારણે સર્જાયેલા બાંગ્લાદેશ ની ઘટનાનો સમગ્ર ઈતિહાસ નજર સામે સર્જાતા જોયો છે એમને એ સમયે બ્લેક આઉટના અનુભવો અને એની વાતો યાદ આવતી હશે.

જો કે,આ વખતની સિવિલ ડિફેન્સ ડ્રિલ ઈ.સ. ૨૦૧૦ માં બનાવાયેલી એક સૂચિ ના આધારે નક્કી કરાયેલા અને ત્રણ શ્રેણીઓમા વિતરીત કરાયેલા સ્થળો કે જિલ્લાઓમાં હાથ ધરાઈ રહી છે. આ જિલ્લાઓ વ્યુહાત્મક રીતે મહત્વના ગણાયેલા છે. જેમાં સરહદી વિસ્તાર, દરિયાઈ સીમા, લશ્કરી છાવણીઓ, અણુઊર્જા મથકો, થર્મલ પાવર સ્ટેશન, પાવર ગ્રિડ, શસ્ત્રાગાર થી લઈને મહત્વના જળાશયો કે ડેમો, વસ્તીની વધુ ઘનતા કે ગીચતા ધરાવતાં મોટા શહેરી વિસ્તારો, મહત્વના સંસ્થાનો આવેલા હોય.ગુજરાતના આવા ૧૭ જિલ્લાઓમાં દક્ષિણ ગુજરાતમાં સુરત ,તાપી, ડાંગ અને નવસારી જિલ્લાનો સમાવેશ કરાયેલો છે.

જયારે પડોશી સંઘપ્રદેશ દમણ- દીવ અને દાદરા નગર હવેલીનો પણ સમાવેશ કરવામાં આવેલો છે પરંતુ જોવા જેવી વાત એ છે કે, વલસાડ જિલ્લાનો કે એના એક પણ સ્થળનો સમાવેશ કરવામાં આવેલો નથી! ઉલ્લેખનીય છે કે, વલસાડ જિલ્લો પણ દરિયાઈ સીમા ધરાવતો જિલ્લો છે અને એનાથી વધારે મહત્વનું તો એ છે કે વલસાડ જિલ્લામાં મધુબન ડેમ જેવો મહત્વનો ડેમ તથા અનેક ઉદ્યોગોથી ધમધમતું વાપી જેવું ઔદ્યોગિક નગર પણ છે. જેમાં સંવેદનશીલ ગણાય એવા ત્રણેક ડઝન તો એવા રાસાયણિક ઐધ્યોગિક એકમો છે કે જેના રો મટીરીયલ ના સ્ટોરેજ જીવતા બોમ્બ જેવી કેટેગરીમાં આવી શકે છે. અહીં કોઈ અકસ્માત થાય તો એની ગંભીર અસર પડી શકે છે. વધુમાં વલસાડ જિલ્લાની નજીક જ દમણમાં ઈન્ડિયન કોસ્ટગાર્ડની એર સ્ટ્રીપ અને બેઝ પણ આવેલા છે. જયારે ઉત્તર તરફ જોઈએ તો હજીરા અને મગદલ્લાના મહત્વના બંદરો કે દક્ષિણે મહારાષ્ટ્રના તારાપુર નું થર્મલ પાવર સ્ટેશન પણ નજીકમાં જ ગણી શકાય એટલા અંતરે આવેલાં છે. એ રીતે જોઈએ તો વલસાડ જિલ્લો પણ સંવેદનશીલ વિસ્તાર ગણી શકાય એમ છે. એ ઓછું હોય તેમ વલસાડ જિલ્લો ભૂતકાળમાં મુંબઈને હચમચાવી દેનારા ૧૯૯૩ ના શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ માટે ના આરડીએક્સ ના લેન્ડિંગ સ્પોટ તરીકે કે તિથલથી સીમીના સંખ્યાબંધ સ્લીપર સેલોની મીટીંગ જેવી ગતિવિધિ માટે પણ કુખ્યાત થઈ ચૂકેલો છે. એક સમયે સીમા હિરાણી જેવી નક્ષલાઈટ પણ પૂર્વપટ્ટીના વિસ્તારમાં ઝડપાઈ ચૂકી છે. વલસાડ જિલ્લો લગભગ ૬૨ કિલોમીટરની દરિયાઈ પટ્ટી ધરાવે છે. જેમાં દુશ્મન ધારે તો છીંડા પાડી શકે એવી શક્યતા હંમેશા રહેલી છે. તેમ છતાં વલસાડ કે વાપીમાંથી કોઈ એક મથકને પણ આ મોકટેલ માં સામેલ કરવામાં આવ્યું નથી. જોવા જેવું એ છે કે આ સૂચિ પણ હજુ ૨૦૧૦ માં બની જ છે એટલે વલસાડ જિલ્લાની સંવેદનશીલતા તંત્રથી કોઈ રીતે અજાણી ગણી શકાય નહીં, કદાચ તંત્ર એવું માને છે કે વલસાડ જિલ્લો શાંતિપ્રિય છે. પરંતુ હકીકતમાં વલસાડ જિલ્લાને પશ્ચિમે દરિયાઈ વિસ્તાર ઉપરાંત, દમણ અને દક્ષિણ તથા પૂર્વ સરહદે મહારાષ્ટ્ર અને દાદરા નગર હવેલી જેવી સ્ટેટ બોર્ડર આવેલી છે. આ ભૌગોલિક પરિસીમા માત્ર દારૂની હેરાફેરી પર નજર રાખવા માટે જ નથી એ તંત્રની ધ્યાન બહાર રહી ગયું હોય એવું જણાઈ રહ્યું છે. આપણા સાંસદ ધવલભાઇ પટેલ, રાજયના નાણાં ઉર્જા અને પેટ્રોલ કેમિકલ્સના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ કે અન્ય રાજકીય અગ્રણીઓ અને વહીવટીતંત્ર ના અધિકારીઓ પણ રાષ્ટ્રની આંતરિક સલામતીની આ બાબત ચૂકી રહ્યા હોય એમ જણાય છે. આપણા પૂર્વ સીબીએસ બીપીન રાવત કહેતા એમ યુદ્ધ જેવા સંજોગમાં ભારતને એક કે બે નહીં અઢી મોર છે લડવાનું આવે. પાકિસ્તાન અને ચીન પછીનો જે અડધો મોરચો ગણાય તે દેશની અંદર જ છુપાઈને બેઠેલા દેશના ગદારો સામે લડવાનો છે વલસાડ જીલ્લો વહીવટી તંત્ર અને રાજકારણીઓની દ્રષ્ટિએ સેન્સેટિવ નહીં હોય તો એ સારું જ છે પણ એ કોઈ એવા તત્વો માટે શેલ્ટર તો ન જ બને એની જાગૃતિ અને કાળજી પણ રાખવી જોઈએ કે નહીં?

## વલસાડ જિલ્લામાં કેરી પાકનો કોળિયો ખેડૂતોના મોંમાંથી ઝુંટવાઈ ગયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** વલસાડ જિલ્લામાં કોમોસમી વરસાદ અને વાવાઝોડાને લઈ સમગ્ર જિલ્લામાં આવેલ આંબાવાડી માં કેરી ખરી પડતા અને જેનો ભાવ ગગડી જતા કેરીનો પાક લેતા ખેડૂતોના મોંમાં આવેલ કોળિયો જુટવાઈ ગયો.



આજે સમગ્ર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં મંગળવાર તારીખ ૬-૫-૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાક બાદ અચાનક ભારે વાવાઝોડું અને વરસાદ વરસતા જે કેરીનો પાક હજુ ઉતરવાની શરૂઆત જ થઈ હતી અને છેલ્લા ઘણા વર્ષોથી સમગ્ર વલસાડ જિલ્લામાં કેરીનો પાક નિષ્ફળ જતો હતો અને આ વર્ષે પણ માત્ર ૩૦ ટકા જેટલો જ કેરીનો પાક જોવા મળ્યો હતો અને ત્યારે આજે વરસાદ અને વાવાઝોડાને લઈ મોટાભાગની કેરી આંબા પરથી ખરી પડતા જાણે વલસાડ જિલ્લાના કેરી પકવતા ખેડૂતોના મોંમાં આવેલ કોળિયો જુટવાઈ ગયો છે. જેને કારણે વલસાડ જિલ્લાના કેરીનો પાક લેતા ખેડૂતો ભારે ચિંતાતુર બન્યા છે.

આ અંગે વલસાડ જિલ્લા ભારતીય કિસાન સંઘના પ્રમુખ અને ગુજરાત રાજયના ખેડૂત સંઘના મહામંત્રી શશીકાંત ભાઈ પટેલ દ્વારા જણાવ્યું છે કે અગાઉ કુદરતી વાતાવરણ તેમજ વલસાડ જિલ્લામાં આવેલા કેમિકલ ઉદ્યોગોને કારણે હવામાં થતા પ્રદૂષણને લઈ છેલ્લા ઘણા વર્ષોથી કેરીનો પાક સૌ નિષ્ફળ જઈ રહ્યો છે અને ખાસ કરીને વલસાડી આફુસ અને કેસર તથા રાજાપુરી કેરીનો પાક નિષ્ફળ જઈ રહ્યો હતો અને ખેડૂતો પોતાની વાડીમાં કેરી નો પાક સારી રીતે થાય તે માટે વારંવાર દવાનો છટકાવ તથા ખેતરમાં ભારે ખર્ચો કરતા હોય છે. પરંતુ દર વર્ષે કુદરતની થાપટ ખેડૂતને પડતી હોય તેમ આ વર્ષે પણ જ્યારે જિલ્લામાં રહેલી કેરીનો પાક ઉતરવાની શરૂઆત જ થઈ ત્યારે આજે કુદરતી આફત ફરી સમગ્ર વલસાડ જિલ્લા અને પારડી વાપી અને ઉમરગામ તાલુકામાં થતા આંબા કલમે તૈયાર થયેલો કેરીનો પાક ખરી પડતા ખેડૂતો માં ભારે નિરાશા જોવા મળી રહી છે.

### સર્વે કરી વળતર માટે સાંસદની માંગ

આજરોજ લોકસભાના દંડક તેમજ વલસાડ ડાંગ સાંસદશ્રી ધવલભાઈ પટેલ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિમંત્રી રાઘવજી પટેલજી ને આજરોજ દક્ષિણ ગુજરાતમાં થયેલ કમોસમી વરસાદના કારણે વલસાડ, ડાંગ, તેમજ નવસારી જીલ્લાના ચીખલી, ખેરગામ તેમજ વાસંદા તાલુકાના વિસ્તારોમાં ખેડુતોનો આવકનો મુખ્ય શ્રોત્ર કેરી તેમજ ડાંગરના પાકને થયેલ નુકશાન ના વળતર માટે વિનતી કરી છે. તેમણે જણાવ્યું હતું કે,દક્ષિણ ગુજરાતના પ્રસિધ્ધ એવી આફુસ અને કેસર કેરીને મોટા પ્રમાણમાં નુકશાન થયુ છે. એ પ્રકારે ડાંગરના પાકને પણ મોટા પ્રમાણમા નુકશાન થયુ છે સાથે સાથે ગ્રામ્ય વિસ્તાર હોવાથી લોકોની રોજીરોટી પર પણ મોટી અસર થઈ છે, એમની દુકાનો તેમજ ઘરોને પણ મોટા પ્રમાણમા નુકશાન થયુ હોય, આ સંદર્ભે પણ સરવે કરી વળતર ચુકવવા માટે વિનતી કરી છે.

૭ મે, વિશ્વ એથ્લેટિક્સ દિવસ

# ડાંગના ખેલાડીઓ ઓપિના ભીલાર, સરિતા ગાયકવાડ, મુરલી ગાવિતે આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યનું નામ રોશન કર્યું







**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**આહવા, તા.૦૬ :** છેલ્લા બે દાયકામાં ગુજરાતના યુવાનો રમતગમત ક્ષેત્રે રાજ્યનું નામ રોશન કરી રહ્યા છે અને સ્પોર્ટ્સને પ્રોફેશન બનાવી રહ્યા છે તેનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી વિઝનને જાય છે. ૨૦૧૦ માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે ખેલ મહાકુંભની નવતર પહેલ કરી હતી, જેનાથી રાજ્યના ખેલાડીઓમાં નવું જોમ આવ્યું છે અને અંતરિયાળ વિસ્તારોમાંથી પ્રતિભાઓ સામે આવી રહી છે. આ પહેલના કારણે તાજેતરમાં જ વર્ડ કપ ખો-ખો રમતમાં ઓપિના ભીલાર અને આંતરરાષ્ટ્રીય એથલેટિક્સ રમતમાં સરિતા ગાયકવાડ, મુરલી ગાવિત સહિતના ખેલાડીઓ ગુજરાતને મળ્યા છે અને તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યનું નામ રોશન કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૭ મેએ વિશ્વ એથ્લેટિક્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં ફિટનેસના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો અને તેમને રમતો, ખાસ કરીને એથ્લેટિક્સમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. ગુજરાતમાં ખેલ મહાકુંભ પહેલ હેઠળ આયોજિત થતી રાજ્યકક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધા પણ આ જ વિઝનને સાકાર કરે છે.

હાલમાં યોજાઇ ગયેલ ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત રાજય કક્ષાની ખો-ખો સ્પર્ધામાં ડાંગ જિલ્લાના બીલીઆંબા સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ મેડલ મેળવ્યાં હતાં. સુરેન્દ્રનગર જિલ્લાના લિમડી ખાતે યોજાયેલ ખો-ખોની અંડર -૧૪ સ્પર્ધામાં બીલીઆંબા શાળાના વિદ્યાર્થીઓએ ફાઇનલ જીતી લઈ ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે ભાઈઓની અંડર -૧૭ ની ટીમે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. તેમજ તાપીના વ્યારા ખાતે યોજાયેલ ખો-ખોની અંડર - ૧૭સ્પર્ધામાં બહેનોએ ફાઇનલ સુધી પહોંચી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત અન્ય રમતો જેવી કે આર્ચરી અને હોકી સ્પર્ધામાં પણ ડાંગના ખેલાડીઓએ રાજ્ય કક્ષાએ મેડલ મેળવ્યાં છે. ખેલ મહાકુંભ દ્વારા ગુજરાતને મળ્યા પ્રતિભાશાળી ખેલાડીઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી ખેલ મહાકુંભ પહેલના કારણે ગુજરાતને ઓપિના ભીલાર, સરીતા ગાયકવાડ, મયુર માલવીયા, રુચિત મોરી, ગાવીત મુરલી જેવા પ્રતિભાશાળી ખેલાડીઓ મળ્યા છે. ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરી મહિનામાં યોજાયેલ ખો-ખો વર્ડ કપમાં ગુજરાતની ટીમના કેપ્ટન અને ડાંગના વતની ઓપીના ભીલારે ખો-ખો રમતમાં ગોલ્ડ મેડલ -ાપ્ત કર્યો હતો. તેમજ ડાંગની 'ગોલ્ડન ગર્લ' સરિતા ગાયકવાડે એશિયન ગેમ્સ ૨૦૧૮ માં મહિલા ૪X૪૦૦ મીટર રિલે ટીમ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ અને મુરલી ગાવિતે ૨૦૧૯ માં એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પુરુષોની ૧૦૦૦૦ મીટર સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને રાજ્યનું નામ રોશન કર્યું છે. ગુજરાત સરકાર આવા પ્રતિભાશાળી ખેલાડીઓની ક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

આજે ગુજરાત સરકાર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયાના સહયોગથી આયોજિત થતો ખેલ મહાકુંભ એશિયાનો સૌથી મોટો ગ્રાસરૂટ ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન અને ડેવલપમેન્ટ પ્રોગ્રામ બની ગયો છે. આ મેગા સ્પોર્ટ્સ ઈવેન્ટમાં દરેક વયના લાખો ખેલાડીઓ ભાગ લે છે. ખેલ મહાકુંભ ૨.૦માં ૫૩ લાખ ૬૬ હજારથી વધુ લો કોએ ભગ લીધો હતો અને તેમને આર્થિક પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. ૨૦વર્ષમાં સ્પોર્ટ્સ બજેટ ૧૪૧ ગણું વધ્યું, ગુજરાતે સ્પોર્ટ્સ પોલિસી ૨૦૨૨-૨૦૨૭ લૉન્ચ કરી છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાત સરકારે રમતગમત ક્ષેત્રે નાગરિકોને પ્રોત્સાહન આપવાના લક્ષ્ય સાથે વિશ્વ સ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કર્યું છે. ૨૦૦૨ પહેલાં ગુજરાતનું સ્પોર્ટ્સ બજેટ માત્ર ૨.૫ કરોડ હતું, જે ૨૦૨૪માં ?૩૫૨ કરોડને પાર થઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતે સ્પોર્ટ્સ પોલિસી ૨૦૨૨-૨૦૨૭ લૉન્ચ કરી હતી જેનો હેતુ રાજ્યમાં સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ ડેવલપ કરવાનો છે. નવી પોલિસીથી ગુજરાત આવનારા સમયમાં સ્પોર્ટ્સમાં અગ્રણી બનશે અને રાજ્યના પ્રતિભાવાન ખેલાડીઓને તેમના સપનાં સાકાર કરવાની વધુ તકો મળશે.

# બિગરી સાર્વજનિક હાઈસ્કુલમાં ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૦૦ ટકા પરિણામ



| ઓમ મનહરભાઈ પટેલ, બી૧ ૭૩.૨૦% | દિયા પ્રકાશભાઈ પટેલ, બી ૧ ૭૨.૮૦% | પાર્થ ચંદ્રકાંતભાઈ પટેલ, બી૨ ૬૫.૪૦% | આયુષી સંજયભાઈ પટેલ, એ૨ ૮૩.૭૧% | પ્રકૃતિ હિતેશભાઈ પટેલ, બી૧ ૭૭.૫૭% | ક્રિષ્ના ચેતનભાઈ ટંડેલ, બી૧ ૭૭.૮૫% |
|---|---|---|---|---|---|

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા. ૦૬ :** બીલીમોરા વલસાડ કોસ્ટલ હાઈવે પર આવેલી બિગરી શ્રીમતિ બી સી જે સાર્વજનિક હાઈસ્કૂલ માં ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૦૦ ટકા પરિણામ આવતા શિક્ષકગણ, વિદ્યાર્થીઓ અને શાળા ટ્રસ્ટીઓ ની મહેનત રંગ લાવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર તરફથી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ સોમવારે જાહેર કરવામાં આવ્યું હતું.

ગણદેવી તાલુકાના બિગરી શ્રીમતી બી સી જે સાર્વજનિક હાઈસ્કૂલ ના ધો.૧૨ ની બોર્ડની પરીક્ષામાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓ સહિત શાળા પરિવાર અને પરિવારજનોમાં આનંદ ની લાગણી છવાઈ હતી.બિગરી શ્રીમતિ બી સી જે હાઈસ્કૂલે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા અને વિજ્ઞાન પ્રવાહનું ૮૮.૨૪ ટકા પરિણામ હાંસિલ કરતા સમગ્ર વિસ્તારમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. સામાન્ય પ્રવાહમાં ૧૦૦ ટકા પરિણામ સાથે શાળામાં પ્રથમ આયુષી સંજયભાઈ પટેલ ૮૩.૭૧ ટકા,દ્વિતિય ક્રિષ્ના ચેતનભાઈ ટંડેલ ૭૭.૮૫ ટકા,તૃતીય પ્રકૃતિ હિતેશભાઈ પટેલ ૭૭.૫૭ તેવી જ રીતે સાયન્સ પ્રવાહમાં ૮૮.૨૪ ટકા સાથે શાળામાં પ્રથમ ઓમ મનહર પટેલ ૭૩.૨૦ ટકા,દ્વિતીય દિયા પ્રકાશભાઈ પટેલ ૭૨.૮૦ ટકા,તૃતીય પાર્થ ચંદ્રકાંત પટેલ ૬૫.૪૦ ટકા પ્રાપ્ત કર્યા હતા. ગત વર્ષે પણ બીગરી શ્રીમતિ બી સી જે સાર્વજનિક હાઈસ્કૂલમાં ધો ૧૦નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું,તેવી જ રીતે આ વર્ષે પણ ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૦૦ ટકા પરિણામ આવતા વિધાર્થીઓ અને વાલીઓમાં હર્ષની લાગણી જોવા મળી હતી.

શાળા આચાર્ય શશીકાંત પટેલ,મંડળ પ્રમુખ મુકેશભાઈ પટેલ,મંત્રી રમેશભાઈ પટેલ, ટ્રસ્ટીઓ અને અગ્રણીઓએ તમામ વિધાર્થીઓ અને શાળા પરિવારને અભિનંદન સહ શુભકામના પાઠવી હતી.અને વિધાર્થીઓ મનગમતા અભ્યાસ ક્ષેત્રે જીવનમાં વધુ ને વધુ પ્રગતિ કરે એવા શુભાશિષ પાઠવ્યા હતા.

# પારડી પાલિકામાં વિકાસકાર્યોનું ખાતમૂહૂર્ત



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૬ :** પારડી નગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ૧ થી ૭ માં વિવિધ વિકાસના બાકી રહેલ વિકાસના કામોનો ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં જૂની મામલતદાર થી વર્ધમાન ટ્રેડર્સ સુધી સ્ટોર્મ વોટર ડ્રેઈન સ્લેબ નો રૂ. ૨૦.૭૮ લાખના ખર્ચે સ્થાનિક વડીલ વિનોદભાઈ નાયકા ના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સાથે પાલિકાની નવી બોડીએ શ્રી ગણેશ કર્યા હતા. આ કામગીરી અંદાજેબે માસમાં પૂર્ણ કરાશે હોવાનો ઉપપ્રમુખ ફાલ્ગુની ભટ્ટે જણાવ્યું હતું. તેમજ પેવર બ્લોક, આરસીસી રોડ, ડામર રોડ, તળાવની પાળ ઉપર સ્ટ્રીટ લાઈટ ના બ્રેકેટ અને સીસીટીવી લગાવવા, ક્રિકેટ સ્ટેડિયમમાં પોવેલિયન નું બોર્ડ બનાવવાનો કામ સહિત રૂ. ૧.૯૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસના કામો હાથ ધરવામાં જૂની મામલતદાર થી વર્ધમાન ટ્રેડર્સ સુધી સ્ટોર્મ વોટર ડ્રેઈન સ્લેબ રૂ. ૨૦ લાખના ખર્ચે ખાતમુહૂર્ત સાથે નવી બોડીએ શ્રી ગણેશ કર્યા. આવશે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ચેતન નાયકા, ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ, કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી, ભાજપ સંગઠન શહેર પ્રમુખ વિપુલ પટેલ, બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ, વિવિધ સમિતિના ચેરમેનો, પાલિકાના ચૂંટાયેલા ભાજપ-કોંગ્રેસ ના સભ્યો, વગેરે હાજર રહ્યા હતાં.

# પારડી હાઈવે પર લાઈટો બંધ હાલતમા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૬ :** પારડી માં હાઈવે પર હાઈમસ્ત લાઈટો બંધ હાલતમાં રહેતા રાત્રીના સમયે અંધારપટ છવાયેલ રહે છે. નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર વાહન ચાલકો સુરક્ષિત રીતે પસાર થાય તે માટે હાયમોસ્ટ લાઈટો ઊભી કરવામાં આવી છે. પરંતુ લાંબા સમયથી પારડી હાઈવે પર હાયમસ્ટ લાઈટો અને સર્વિસ રસ્તાની સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં પડતા વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે. જેના કારણે અનેક વાર અકસ્માતો પણ સર્જાયા છે સર્વિસ રોડ ઉપર ખાસ કરીને રખડતા ગાય આખલા જેવા પશુઓ અડીંગો જમાવીને રાત્રિના બેસતા હોય છે. ત્યારે રાત્રિના અંધકારમાં વાહન ચાલકો પસાર થતાં પશુઓ ન દેખાતા અકસ્માતો સર્જાવાની સંભાવના દેખાઈ રહી છે. રાત્રિના વીજળી ગુલ થવાથી મહિલાઓ ની સુરક્ષા સામે પ્રશ્નો ઉઠ્યા હતા.આ અંગે મલિક જતાવલા જણાવ્યું હતું કે પારડી નેશનલ હાઈવે ઉપર હાયમસ્ત લાઇટો બંધ હાલતમાં પડતા શોભાના ગાંઠીયા સમાન પુરવાર સાબિત થઈ છે. ઠંડી-વરસાદમાં બે-ચાર દિવસ લાઈટ ચાલુ કરી ફરી જૈસે થે સ્થિતિ જોવા મળે છે. હાઈવે ઉપર રિફ્લેકર કે લાઈટોના અભાવે વારંવાર અકસ્માતો સર્જાતા આવ્યા છે. હાઈવે પર કેટલીક હોસ્પિટલો, બસ સ્ટોપ આવેલ છે. કોઈપણ લાઈટની સુવિધા ન હોવાથી રાત્રીના લોકોને પરેશાની નો સામનો કરવો પડે છે. ત્યારે ટોલટેક્ષ ઉઘરાવતી હાઈવે એજન્સી વાહન ચાલકોની મૂળભૂત સુવિધા પૂરી પાડે તેવી માંગ કરી હતી ફલાઈ ઓવર બ્રિજ અને અન્ડરપાસ જયા આવે છે ત્યાં વાહન ચાલકો સુરક્ષિત રીતે પસાર થાય તે માટે હાઈમાસ્ટ લાઈટ ઉભી કરવામાં આવી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી પારડી હાઈવે ઓવરબ્રિજ પાસેની તમામ હાઈમાસ્ટ લાઈટ બંધ થઈ ગઈ છે. આવા સંજોગોમાં રાત્રી દરમ્યાન વાહન ચાલકોને ખાસ્સી મુસીબતનો સામનો કરવો પડે છે. જેને પગલે હાઇવે ની બેદરકારીને સામે લોકોએ આક્રોશ વ્યક્ત કરી લાઈટો ચાલુ કરવા માંગ કરી હતી.

# વાપી મનપાની કામગીરી ઝાઝા ખલાસીએ વહાણ ડૂબે જેવી

## વાપી નગરમાં રસ્તા બની જાય પછી વરસાદી પાણીના નિકાલની ગટર અને પાણીની પાઈપલાઈન રહી ગઈ હોવાનું યાદ આવે : વાપીમાં પહેલા વરસાદે જ માર્ગો ધોવાય : વાપીમાં માર્ગો બાવા આદમના સમયનાં : તેનું વિસ્તૃતીકરણ કરી નગરની કાયાપલટ કરવી જોઈએ : ગેરકાયદે બાંધકામ અંગે સર્વોચ્ચ અદાલત લાલઘુમ : ગેરકાયદે બાંધકામ તોડવા સિવાય કોઈ વિકલ્પ ન હોય : દાનહના દૂધનીમાં આઠ વર્ષ ઉપર થયેલી નાવ દુર્ઘટના કેસનો કોઈ અતોપતો નહીં !

ગયા સપ્તાહના મારા લેખમાં અમે જણાવ્યું હતું કે, અફસરશાહીના શાસન હેઠળની વાપી મહાનગરપાલિકા અંગે વાપીના નગરજનોનો મોહભંગ થયો છે. અમારા આ મત ઉપર મત્તું મારતાં વાપીના માર્ગ અંગેના માનપાના કારભાર ઉપર એક નજર કરી લઈએ. વાપીના દેસાઈવાડમાં નવા બનાવેલા ડામર રોડના કામોમાં વરસાદી પાણીના નિકાલ માટેની ગટરનું આયોજન જ ભુલાયું હોવાનું બહાર આવ્યું છે ! આમ તો, વાપીવાસીઓને વર્ષોનો અનુભવ છે કે નગરમાં જે માર્ગો બનાવવામાં આવતાં હોય છે તે મોસમના પહેલાં વરસાદમાં જ જાત બતાવતાં થઈ જતાં હોય છે. એક તો વરસાદ શરૂ થવાના થોડા માસ પહેલા જ માર્ગો બનાવવામાં આવતાં હોય છે. આ નવા માર્ગોનો નગરજનોનો આનંદ ટૂંકજીવી નિવડે છે. કેમકે, પહેલાં વરસાદમાં જ છાણના લીંપણની જેમ માર્ગો ધોવાઈ જતાં હોય છે !

એ તો સૌને વિદિત છે કે, વરસાદને અને ડામરને બારમો ચંદ્ર હોય છે. એટલે માર્ગને ટકાવવા હોય તો માર્ગની બાજુમાં વરસાદી પાણીનાં નિકાલની વ્યવસ્થા કરવી જ જોઈએ પરંતુ આ બાબતમાં કોઈ લાંબી દોડાવતું નથી અને લોકોની માર્ગો અંગેની હલાકી યથાવત જ રહેતી હોય છે. દેસાઈવાડનો માર્ગ બનાવતી વખતે પણ આ વાત વિસારે પાડી દેવામાં આવી. માર્ગ બન્યાં પછી મનપાના મગજની ટ્યુબલાઈટ સળગી કે વરસાદી પાણીના નિકાલ માટેની ગટરોને જ પાંખ આવેલી છે એટલે બનેલાં રોડને ખોદી ગટરનું કામ શરૂ કરવું પડ્યું છે.

આવું જ કંઈક વાપી મુખ્ય બજાર રોડથી મચ્છી માર્કેટ રોડની બાબતમાં પણ બનેલું છે. જોકે, આરસીસીના રોડનું કામ નગરપાલિકાના કારભાર સમયે થયેલું એટલે મનપાને દોષ ન દઈ શકાય. બન્યું એવું કે, મનપા વાપીનો કારભાર સંભાળે એ પહેલાં જ વાપી નગરપાલિકાએ આ રોડનું કામ શરૂ કર્યું હતું. બે કરોડ રૂપિયાના ખર્ચે બનેલા આ રોડ બાબતમાં પણ કાચું કપાયેલું છે. રોડ બનાવતી વખતે અહીં પાણીની પાઈપલાઈનની આખી વાત જ ભુલાઈ ગઈ ! નગરપાલિકાના શાસનને તો કોંક્રીટનો રોડ બનાવી દીધો પરંતુ પાણીની પાઈપલાઈન નાંખવાની વાત ભુલાઈ ગઈ હોવાની બત્તી મહાનગરપાલિકાના શાસકોના મગજમાં ઝબકી એટલે કોંક્રીટના રોડને તોડી પાણીની પાઈપલાઈન નાંખવાની કામગીરી શરૂ કરાઈ છે. ઝાઝા ખલાસીએ વહાણ ડૂબે જેવો ઘાટ !

પ્રશ્ન એ જ કે, વાપી નગરપાલિકા હોય કે મહાનગરપાલિકા માર્ગના આયોજન સમયે ઈજનેરોએ એ કેમ ધ્યાનમાં ન રાખ્યું કે વરસાદી પાણીની ગટર કે પીવાના પાણીની પાઈપલાઈન નાંખવાનું ટેન્ડરનો જ એ હિસ્સો બની રહેવો જોઈએ.

કોંક્રીટના રોડ માટે એવું મનાય છે કે, તેનો શરૂઆતનો ખર્ચ વધુ થતો હોય છે પરંતુ જાળવણી નહિવત હોવાથી તે સસ્તો પડતો હોય છે પરંતુ એક વખત કોંક્રીટના રોડમાં ગામડું પડ્યું તો તેને દૂરસ્ત કરવાનો કોઈ ઈલાજ હોતો નથી. તૂટેલો ભાગ ડામરથી જ ભરવો પડે છે. અમે માનીએ છીએ કે, વાપીના માર્ગો બનાવવા બાબતમાં નગરપાલિકા કે મનપાના અધિકારીઓએ બહુ ઉતાવળ કરવાની જરૂર નહોતી. આખા વાપી નગરના માર્ગો બાવા આદમ સમયના સાંકડા છે. વાપીના આયોજિત વિકાસની વાત કોઈએ ક્યારેય વિચારેલી ન હોય તેની કયાપલટ માટે મનપાએ રોડમેપ બનાવવો જોઈતો હતો. વાપીના ઘણા માર્ગોનું વિસ્તૃતિકરણ સમયની માંગ છે. આવા વિસ્તૃતિકરણ માટે આસપાસની મિલકતો પણ તોડવી પડે. આ માટે મજબૂત નિર્ણય શક્તિની આવશ્યકતા રહે છે.

અમે અગાઉ ઘણીવાર જણાવેલું એમ વાપીનો આયોજિત નહીં આડેધડ વિકાસ કરાયેલો છે. વાપીમાં નિરંકુશ બાંધકામો થયેલાં છે. આમાં મંજૂરી વિના અને મંજૂરીથી વિપરીત બાંધકામોનો રાફડો પણ ફાટેલો હોવાનું મનાય છે. આમ જોવા જઈએ તો મંજૂર કરાયેલા પ્લાનથી વિપરીત બાંધકામોને તોડી જ નાંખવા જોઈએ. પણ સરકાર આવા ગેરકાયદે બાંધકામ બાબત છિંડું પાડી આપતી હોય છે અને ઈમ્પેક્ટ ફીના નામે આવા ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવામાં આવતાં હોય છે. સુરતના તક્ષશિલા અગ્નિકાંડમાં જેઓ જીવતા ભૂંજાયા તે આવા ગેરકાયદે બાંધકામને નિયમિત કરવાનું જ પરિણામ છે. ઈમ્પેક્ટ ફીના નામે ગેરકાયદે બાંધકામોને કાયદેસર બનાવવાના ગેરકાયદે બાંધકામને પ્રોત્સાહન આપવાનું કામ કરેલું છે એમ કહી શકાય. હાલમાં જ દેશની સર્વોચ્ચ અદાલતે એક ચુકાદામાં દેશના તમામ રાજ્યોમાં ગેરકાયદે બાંધકામની પ્રવૃત્તિ સામે ત્રીજું લોચન ખોલ્યું છે અને જણાવ્યું છે કે ગેરકાયદે બાંધકામનેં તોડી પાડવા સિવાય કોઈ વિકલ્પ નથી. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવની ખંડપીઠે એવો ચુકાદો આપ્યો છે કે ઈમ્પેક્ટ ફી લઈને ગમે તે ગેરકાયદે બાંધકામને કાયદેસર કરી દેવામાં આવે છે તે સામે અદાલતો એ સખત વલણ અપનાવવું જોઈએ. જેઓ કાયદાની એસીતેસી કરે છે તેઓનો અદાલતે બચાવ ન કરવો જોઈએ. સર્વોચ્ચ અદાલતમાં બે માળનું ગેરકાયદે બાંધકામ તાણી બંધનારે તેને કાયદેસરનું કરવા અરજી કરી હતી. તે સામે સર્વોચ્ચ અદાલતે સખત વલણ અપનાવી આવા બાંધકામને ભોયભેગા કરવા સિવાય કોઈ વિકલ્પ ન હોવાનું જણાવ્યું હતું.

દમણગંગાના તીરેથી



**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

આ સંદર્ભમાં દાદરા નગર હવેલી અને દમણના વહીવટીતંત્ર એ પણ સુદર્શન ચક્ર ઘુમાવવું જોઈએ. આ સંઘ પ્રદેશોમાં ટાઉન પ્લાનિંગનો કાયદો હોવા છતાં ભાડાના નાણાં ખિસ્સાભેગા કરવા હજારો ગેરકાયદે ચાલીઓ તાણી બાંધવામાં આવેલી હોવાનું તંત્રની તપાસમાં બહાર આવેલું છે. ઉદ્યોગિકીકરણની આ આડપેદાશ છે. પરંતુ તંત્રએ પોતે જ કરેલા ટાઉન પ્લાનિંગના કાયદાનો છડે ચોક ભંગ કરનાર સામે કોઈ અસરકારક પગલાં લીધાં હોય એવું જણાતું નથી. આવી ગેરકાયદ ચાલીઓમાં જરૂરતમંદો જ રહેતાં હોવાનું માની શકાય નહીં. કોવિડના ઉપદ્રવ સમયે દાદરા નગર હવેલીમાં જે કોવિડના કેસો પકડાયેલાં તેઓ આવી ચાલીમાં જ રહેતાં હોવાનું બહાર આવેલું. હવે પહેલગામ કાશ્મીરમાં આતંકવાદીઓએ ૨૬ જેટલા નિર્દોષ સહેલાણીઓને ભડાકે દીધાં એ પછી સરકારે બાંગ્લાદેશી એવા વિદેશી લોકોને શોધી શોધી તેમના દેશમાં ધકેલી દેવાનું અભિયાન ચલાવ્યું છે. આવા વિદેશી છુપા રુસ્તમ આવી ગેરકાયદે વસાહતોમાં જ આશ્રય લેતાં હોય છે.

અમદાવાદના ચંડોળા તળાવની જગ્યામાં માટી પૂરી લલ્લા બિહારી નામના શખ્શે છેલ્લા બે દાયકા ઉપરાંતથી બાંગ્લાદેશીઓની આખી વસાહત ઊભી કરી દીધી હોવાનું બહાર આવ્યું છે. બાંગ્લાદેશીઓને નાણાંના જોરે આધારકાર્ડ અને પાનકાર્ડ બનાવવાનો દાંડીયારાસ છેલ્લા ૨૨ વર્ષથી ચાલતો આવ્યો છે. એટલે આ કૌભાંડમાં અનેક રાજકારણીઓ અને અધિકારીઓ સંડોવાયેલા હોવાનું માની શકાય. પહેલગામના બનાવ પછી જે ચાંપતી તપાસ થઈ તેમાં જણાયું કે ચંડોળા તળાવનો લાખો ચોરસ મીટર વિસ્તાર બાંગ્લાદેશીઓની જોખમી વસાહત બની ગયેલ છે. આ વસાહતમાં પાછી અનેક ગુનાખોરીઓએ પણ અંડ્ડો જમાવેલો હોવાનું ઉજાગર થયું છે. પહેલગામના આતંકવાદીઓની બર્બતાના પગલે ગુજરાત સરકાર જાગી અને ચંડોળા તળાવના બાંગ્લાદેશીઓના અડ્ડાઓ ઉપર બુલડોઝર ચલાવ્યું. બે દિવસથી વધુ દિવસ તોડફોડની આ કાર્યવાહી થનાર હતી. ગુજરાતના રાજ્યકક્ષાના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ પણ સિંહગર્જના કરી હતી કે ચંડોળા તળાવ ઉપરના બાંગ્લાદેશીઓ અને તેના માસ્ટરમાઈન્ડ લલ્લા બિહારી સામે તેજાબી કાર્યવાહી થશે અને આ તળાવની કયાપલટ કરી તેને પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બનાવાશે. પરંતુ એવી વાત વહેતી થઈ છે કે, ચંડોળા તળાવની ગેરકાયદે વસાહતમાં કોઈ એક વગદારની સંડોવણી પણ છે એટલે બે દિવસના ડિમોલિશન અભિયાન ઉપર બ્રેક લાગી ગયેલી છે. રાજકારણીઓ સામે કાયદો પણ લાચાર !

**આપણા લોકશાહીના મંદિરો !**

આપણે લોકસભા અને વિધાનસભાઓમાં પોલીસ દફતરે છાપેલાં કાટલાંઓ ચૂંટણીમાં જીતી ખુરશી અંકે કરી હોવાની વાત આજની નથી. વર્ષોથી આ ચાલતું આવ્યું છે. તમામ રાજકીય પક્ષોના સાંસદો અને વિધાનસભ્યો સામે ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાયેલા હોવાનું 'એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ' નામની સંસ્થાએ જણાવેલું છે. આ સંસ્થાએ હાલમાં જ બહાર પાડેલા અહેવાલ પ્રમાણે દેશમાં કુલ ૧૪૩ મહિલા સાંસદ અને ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસો નોંધાયેલા છે. રાજકારણને સ્વચ્છ કરવા અને કલંકિત નેતાઓને દૂર કરવાના આશયથી મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા વિચારાયું હતું. આ માટે મહિલા અનામતની જોગવાઈ પણ રખાઈ હતી પરંતુ એ.ડી. આર. ના અહેવાલ પ્રમાણે કલંકિત સેવકજીઓમાં મહિલાઓ પણ પાછળ નથી ! દેશમાં ૨૮ ટકા મહિલા સાંસદો અને ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસો નોંધાયેલા છે. આ અહેવાલમાં જણાવ્યા પ્રમાણે ૧૪૩ એટલે ૨૮ ટકા મહિલા સાંસદો અને ધારાસભ્યોએ તેમના સોગંદનામાં તેઓની સામે ફોજદારી ગુના નોંધાયેલા હોવાનું જણાવેલું છે. ૭૮ જેટલા મહિલા સાંસદ-ધારાસભ્યો સામે હત્યાના, હત્યાના પ્રયાસ જેવા ગંભીર આરોપો નોંધાયેલા છે એવું પણ નોંધાયેલું છે કે, ભાજપના ૨૩ ટકા સામે ક્રિમિનલ કેસો થયેલા છે. કોંગ્રેસના ૩૪ ટકા સામે અને આમ આદમી પાર્ટીના ૬૯ ટકા સામે ક્રિમિનલ કેસો થયેલા છે. હવે આ બધું જોતા આપણે આપણી લોકશાહી માટે ક્યાં સુધી છાતી ફુલાવેલી રાખીશું?

**દૂધની નાવ દુર્ઘટના અંગે આજે કાનૂની સ્થિતિ શું?**

આજથી આઠ વર્ષ ઉપર દાદરા નગર હવેલીના પ્રવાસધામ દુધીનીના જળ સરોવરમાં એક નાવ દુર્ઘટનામાં પાંચ જેટલી વ્યક્તિઓએ જળ સમાધિ લીધી હતી. બનાવ સમયે પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ પણ સ્થળ ઉપર પહોંચી ગયા હતાં અને બચાવકાર્ય ઉપર નજર રાખી હતી. આ બનાવ સંદર્ભમાં ખાનવેલ પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪, કલમ ૨૮૦, કલમ ૨૮૨ અને કલમ ૩૩૭ નો ગુનો નોંધ્યો હતો. આ વાત ફેબ્રુઆરી ૨૦૧૭ની છે. આઠ વર્ષ વિતી ગયા આ ગુનો નોંધાયાને પરંતુ આજે સ્થિતિ શું છે તેની કોઈને જાણ નથી ! કેટલાંક સૂત્રો કહે છે કે, એફઆઈઆર રદ કરવા અંગે ની અરજી મુંબઈ હાઈકોર્ટમાં પેન્ડિંગ પડી છે એટલે બધું ઠપ્પ છે. આશા રાખીએ કે પ્રશાસક પ્રફુલભાઈ પટેલ ગાડું ક્યાં અને ક્યાં મટકનું છે તેની તપાસ કરાવશે.

# અન્ય સમાચારો

Wednesday 07, May 2025
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## ચીખલી તાલુકાનાં ૪૯ ગામોમાં ૧૪૬ મકાનોના પતરાં ઉડ્યા : લાખોનું નુકસાન

**ચીખલી, તા.૬ :** ચીખલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સોમવારે રાત્રિના સમયે ભારે પવન ફુકાતા તેમજ મંગળવારે બપોરના સમયે ચક્રવાતી તુફાન સર્જાતા મોટેભાગના ગામોમાં રહેતા પરિવારોના ઘરોના છતના પતરા ઉડી જતા લાખો રૂપિયાનું નુકસાન થવા પામ્યું છે. જોકે વંકાલ ગામના પહાડ ફળીયા ખાતે રહેતી નીરૂબેન ધીરુભાઈ પટેલ ના ઘરના પતરા ઉડી જતા અને લોખંડની એંગલ પડતા પગમાં ફ્રેક્ચર થવા પામ્યું છે જ્યારે દીકરા રાકેશભાઈ પટેલને માથામાં ઈજા થવા પામી હતી જોકે ચીખલી તાલુકા પંચાયત દ્વારા ગામોમાં સર્વે કરાતા ૪૯ જેટલા ગામોમાં ૧૪૬ જેટલા મકાનોને નુકસાન થયું હોવાનું સર્વે કરવામાં આવ્યું છે.



ચીખલી તાલુકાના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ વિભાગમાં આવેલા ગામોમાં મંગળવારે બપોરના સમયે ચક્રવાતી તુફાન સર્જાતા મોટેભાગના ગામોમાં રહેતા પરિવારોના ઘરના છતના પતરા ઉડી જવાના બનાવો બનવા પામ્યા છે જોકે કેટલાક ઘરોના તમામ પતરા એંગલો સાથે ઉડી ગયા હતા જ્યારે કેટલાક ઘરોના અડધા પતરા ઉડી જવા પામ્યા હતા ચીખલી તાલુકામાં બનેલા બનાવને પગલે વહીવટી તંત્ર દોડતું થઈ ગયું હતું અને દરેક ગામોમાં સર્વેની કામગીરી હાથ ધરી હતી. ચક્રવર્તી તુફાન સાથે વરસાદ પણ થતા કેટલાક પરિવારોના ઘરોની ચીજ વસ્તુઓ પણ વરસાદી પાણીમાં ભીંજાઈ જવા પામી હતી ત્યારે ચીખલી તાલુકામાં બપોરના સમયે ચક્રવાતી તુફાન સર્જાતા મોટેભાગના ગામોના રહીશોને લાખો રૂપિયાનું નુકસાન થવા પામ્યું છે ત્યારે ચીખલી તાલુકા પંચાયત દ્વારા સર્વે કરવામાં આવતા ૪૯ જેટલા ગામોમાં ૧૪૬ જેટલા મકાનોના પતરા ઉડી ગયા હોવાનું બતાવવામાં આવ્યું છે જ્યારે કલીયારી ગામે વીજ ટ્રાન્સફોર્મર પડી જતા આ વિસ્તારના વિભાગોમાં વીજળી ડુલ થઈ જવા પામી હતી.

## ડાંગમાં ગાજવીજ સાથે વરસાદ : પાકને મોટુ નુકસાન

**સાપુતારા, તા.૦૭ :** -પ્રાપ્ત વિગતો અનુસાર હવામાન વિભાગ દ્વારા રાજ્યનાં અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આ આગાહીને લઈને સોમવારે દિવસ દરમિયાન રાજ્યનાં અનેક જિલ્લાઓમાં ક્યાંક ઝરમરીયો તો ક્યાંક મધ્યમ તો ક્યાંક ધોધમાર સ્વરૂપેનો વરસાદ નોંધાયો હતો.અને રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં સોમવારે દિવસ દરમ્યાન વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ.જેમાં સોમવારે મધ્યરાત્રીથી અચાનક વાતાવરણનાં પલટા બાદ ગાજવીજ સાથે કમોસમી વરસાદ તૂટી પડતા સર્વત્ર પંથકોમાં ભીની માટીની સોડમ પ્રસરી જવા પામી હતી. ડાંગ જિલ્લાનાં આહવા, બોરખલ, ગલકુંડ, શામગહાન, સાપુતારા, માંળુગા, સાકરપાતળ, વઘઇ, ઝાવડા,ભેસકાતરી,કાલીબેલ, બરડીપાડા, સુબિર, સિંગાણા, પીપલદહાડ, લવચાલી, ચિંચલી, પીપલાઈદેવી, ગારખડી તથા પૂર્વપટ્ટી સહીત સરહદીય પંથકનાં ગામડાઓમાં વાતાવરણનાં પલટા બાદ કમોસમી વરસાદ પડતા ડાંગ જિલ્લાના જનજીવનમાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો.કાલીબેલ અને ભેંસકાતરી વિસ્તારમાં બરફનાં કરા સાથે કમોસમી વરસાદ પડ્યો હતો.ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં અચાનક જ વરસાદી માહોલે દસ્તક દેતા ખેતરોમાં ખુલ્લો મુકેલ ઘાસ ચારો સહિત ધાન્યને ઢાંકવા માટે ખેડૂતોમાં દોડધામ મચી જવા પામી હતી.મંગળવારે દિવસ દરમ્યાન કમોસમી વરસાદનાં પગલે આંતરિક માર્ગો પાણીથી તરબોળ થતા વાતાવરણ ચોમાસામય પ્રતીત થયુ હતુ. તેમજ કેટલાક વિસ્તારમાં વાવાઝોડા સાથે પવન ફૂંકાયો હતો, અને ઘણા ખરા કાચા ઘરોને પણ નુકશાન થવાની વિગતો સાંપડી રહી છે.ડાંગ જિલ્લામાં વરસાદને પગલે સમયાંતરે વીજ પુરવઠો પણ ખોરવાયો હતો. અને ઘણા ખરા વિસ્તારોમાં વીજ ગુલ થઈ ગઈ હતી.ત્યારે બીજી તરફ રાજ્યનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે વરસાદી માહોલ બાદ ધુમ્મસીયા વાતાવરણની સફેદ ચાદર ઓઢાઈ જતા જોવાલાયક સ્થળોનું વાતાવરણ મનમોહક બન્યુ હતુ.ગિરિમથક સાપુતારા ખાતે કમોસમી વરસાદનાં પગલે જોવાલાયક સ્થળોનું વાતાવરણ ઠંડુગાર થઈ જતા ફરવા આવેલ પ્રવાસીઓનો ઉન્માદ બેવડાયો હતો.જોકે ખેડૂતોનાં ફળફળાદી, શાકભાજી સહીત કઠોળનાં પાકને જંગી નુકશાન થવાને કારણે જગતનો તાત ચિંતામાં સરી પડ્યો છે.

## વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પદ માટે સેન્સ લેવાયા

**વલસાડ તા ૬ :** ગુજરાત રાજ્યમાં કોંગ્રેસ પાર્ટીને મજબૂત કરવા માટે કોંગ્રેસના હોદ્દેદારો કાર્યકર્તાઓ એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે આજરોજ વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મેં નિમણૂક કરવા કમિટીના સભ્યો ની સેન્સ લેવા માટે મહારાષ્ટ્રના સાંસદ એઆઈસીસી વિવિધ સભ્યો જિલ્લા પ્રભારીઓ આજરોજ કોંગ્રેસના કાર્યકર્તાઓને વલસાડ જિલ્લા કોંગ્રેસ કાર્યાલયમાં બોલાવી સાંભળ્યા હતા.

ગુજરાત રાજ્યમાં કોંગ્રેસ પાર્ટી ને મજબૂત કરવા માટે કોંગ્રેસના હોદ્દેદારો કાર્યકર્તાઓ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે તેમ છતાં ક્યાંક ને ક્યાંક કોંગ્રેસી કાર્યકર્તાઓ હોદ્દેદારો જોર ઓછું પડતા કે અંદરો અંદરની લડાઈ ના કારણે તેનો સીધો ફાયદો ભાજપ પક્ષને થતો હોય છે. ગુજરાત કોંગ્રેસ રાજ્યભરમાં પાર્ટી ને મજબૂત કરવા માટે આજરોજ વલસાડ જિલ્લા કોંગ્રેસ ન્યાયાલય પર સવારે ૧૧:૦૦ કલાકે વલસાડ જિલ્લામાં મહારાષ્ટ્રના સાંસદ પરણીતી શિંદે AICCના ઓબ્ઝર્વર તરીકે આવ્યા હતા. તેમની સાથે GPCCના ઓબ્ઝર્વર તરીકે રાજેશ ગામીત, એ.ડી. પટેલ, પ્રફુલ તોગડિયા અને પુનાભાઈ ગામીત હાજર રહી વલસાડ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉમરગામ, પારડી, કપરાડા, ધરમપુર અને વલસાડના કાર્યકરો પાસેથી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ માટે સેન્સ લેવામાં આવ્યા હતો. વલસાડ જિલ્લા પ્રમુખ પદ માટે વલસાડ જિલ્લા માજી સાંસદ કિશનભાઈ પટેલ , જિલ્લા કોંગ્રેસ માજી પ્રમુખ દિનેશભાઈ પટેલ , વલસાડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ પ્રકાશ પટેલ, જયશ્રીબેન પટેલ વસંતભાઈ પટેલ સહિતના નામો ચર્ચામાં રહ્યા હતા. સેન્સ આપવા માટે સવારથી જ હોદ્દેદારો કાર્યકર્તાઓ કોંગ્રેસ કાર્યાલય પાસે આવી પહોંચ્યા હતા પરંતુ ત્યાં ચા નાસ્તાની વ્યવસ્થા નહિ હોવાની ફરિયાદો કરી હતી.

## વાંસદામાં સતત બીજા દિવસે માવઠાથી નુકસાન

**વાંસદા, તા.૦૭ :** હવામાન વિભાગની આગાહી વચ્ચે વાંસદા પંથક સહિત સમગ્ર વિસ્તારમાં તા. ૫ મે ના રોજ વરસાદ પડતા બાદ સતત બીજા દિવસે બપોર બાદ વાતાવરણમાં પલટો આવી આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ વીજળીના કડાકા અને વાવાઝોડા સાથે જોરદાર વરસાદ તૂટી પડ્યો હતો. વાવાઝોડા અને વરસાદના કારણે અનેક જગ્યાએ ભારે નુકશાન થવા પામ્યું હતું. જેમાં વાંસદા, રાણી ફળિયા, હનુમાનબારી, નાની ભમતી, લીમઝર, દૂબળ ફળિયા, મહુવાસ, બોરિયાછ, ખાટાઆંબા ગામે અનેક દુકાનો અને ઘરના સેડના પતરા ઉડ્યા હતા. વૃક્ષો પડવાથી વાંસદા થી ખડકાળા પાંચ કિ.મી નો રસ્તો ટ્રાફિક જામ થયો હતો. તથા હાલ વાંસદા તાલુકામાં મોટા પ્રમાણમાં કેરીનો પાક લેવાય છે, જે આ કમોસમી વરસાદના પગલે મનપુર ગામ સહિત અનેક જગ્યાએ કેરીના પાકને ભારે નુકસાનની સંભાવનાથી ખેડૂતોમાં ચિંતાના વાદળ છવાયાં હતા. ઉપરાંત હાલ લગ્નની સિઝન ચાલી રહી હોવાથી વરસાદે લગનના આયોજકોના આયોજન પર પાણી ફેરવી દીધું હતું. ઈંટના ભઠ્ઠાના માલિકોને પણ વ્યાપક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

### વિશ્વ રેડક્રોસ દિવસ અને વિશ્વ થેલેસીમિયા દિવસ નિમિત્તે

## વલસાડ રેડ ક્રોસ દ્વારા જિલ્લામાં જનજાગૃતિ અભિયાન

**વલસાડ,તા.૦૭ :** દર વર્ષે ૮ મેના રોજ વિશ્વ રેડક્રોસ દિવસ અને વિશ્વ થેલેસીમિયા દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાય છે. આ સંદર્ભે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા દ્વારા ચેરમેન અજયભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં રેડક્રોસની સેવાઓ અંગે જનજાગૃતિ માટે ઈઁ વાઈઝ ૪ રેડક્રોસ રથ ભ્રમણ કરી કરી રહ્યા છે જે પૈકી રેડક્રોસ જનજાગૃતિ રથનું રેડ ક્રોસ જિલ્લા શાખા પાસે, બંબા ખાના સામે આગમન થયું હતું.



રેડ ક્રોસની વિવિધ સેવાકીય પ્રવૃતિઓને જનમાનસ સુધી વિસ્તારવા નગરપાલિકા પ્રમુખ માલતી બેન ટંડેલના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયેલ જેમાં, પુર્વ પાલિકા પ્રમુખ સોનલબેન સોલંકી જૈન, કાઉન્સિલર સોનલબેન પટેલ, રેડ ક્રોસ વલસાડના માનદમંત્રી ડો.યઝદી ઈટાલિયા, રેડ ક્રોસ રથ સાથે ગુજરાત સ્ટેટ બ્રાન્ચના જયંતીભાઈ વાળંદ અને એમની ટીમ, રેડ ક્રોસ વલસાડના એક્ઝિક્યુટિવ મેમ્બરો ડો. આર.કે દેસાઈ, ડો.કમલ પટેલ, ડો.દીપેશ શાહ, શતક રક્તદાતાઓ ભીખુભાઈ ભાવસાર, મુકેશ ઓઝા, સુનિલ પટેલ તથા અંગદાન ક્ષેત્રે કાર્યરત સમાજસેવક શ્રી પંકજભાઈ કિનારીવાળા તથા સ્વયં સેવકો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં ડો.યઝદી ઈટાલિયા એ સૌને આવકારી ગુજરાત રેડ ક્રોસ ના સેવાભાવી અને સહકારીક્ષેત્રે સન્માનનીય વ્યક્તિત્વ એવા ચેરમેનશ્રી અજયભાઈ પટેલના નેતૃત્વમાં કાર્યરત રેડક્રોસની પ્રવૃતિઓ અને વલસાડ બ્રાન્ચની પ્રવૃતિઓથી માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે રેડ ક્રોસ ગુજરાત રાજ્ય શાખાના જયંતીભાઈ વાળંદે રેડ ક્રોસ રથ યાત્રાનો હેતુ અને રાજ્યશાખાની પ્રવૃતિઓની વિશેષ માહિતી પૂરી પાડી હતી. પાલિકા પ્રમુખે રેડ ક્રોસ સોસાયટીની પ્રવૃતિઓને બિરદાવી સહયોગની ખાતરી આપી હતી તથા સોનલ બહેન સોલંકીએ પણ રકત દાતા તરીકેના પોતાના સંસ્મરણો વાગોળી રેડ ક્રોસ સંસ્થા ની સાથે રેડ ક્રોસ અને રકતદાન ક્ષેત્રે ડો.યઝદી ઈટાલિયાની વિવિધ સંનિષ્ઠ સેવાઓને બિરદાવી હતી.

કાર્યક્રમના અંતે રેડ ક્રોસ રથને મહાનુભાવો દ્વારા ફલેગ ઓફ કરાવી વલસાડ નગરના બસ ડેપો, સ્ટેડિયમ રોડ, આઝાદ ચોક, હાલર ચાર રસ્તા, તિથલ રોડ, સરદાર હાઈટ સુધી વિહાર કરાવવામાં આવ્યો હતો અને વલસાડ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને લોકોને રેડક્રોસની માનવતાવાદી સેવાઓ વિશે માહિતીગાર કરી જનજાગૃતિ ફેલાવી હતી.

બપોરે ૧૨ કલાકે વાપી જવા રવાના કરાયેલ અને પારડી આઈટીઆઈ અને એન.કે.દેસાઈ કોલેજ કિલ્લા પારડી ખાતે પણ હાજર ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડી રેડક્રોસની પ્રવૃતિઓના બીજ રોપ્યાં હતા.

આ પ્રસંગે રેડ ક્રોસ વલસાડ જિલ્લા શાખાના એક્ઝિક્યુટિવ મેમ્બર ભાવેશ રાયચા દ્વારા રેડ ક્રોસની વિવિધ પ્રવૃતિઓ યુથ રેડ ક્રોસ, જુનિયર રેડ ક્રોસ, પ્રાથમિક સારવાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ જેવી પ્રવૃતિઓમાં વધુને વધુ સ્વયં સેવકો અને આજીવન સભ્યોની નોંધણી બાબતે હાકલ કરી સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન કરવામાં આવ્યું હતું.

**UT ADMINSTARATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Public Works Department

**NOTICE INVITING TENDER**

Proposal for Dismantling of existing Police Out post Buildings, Type-I Qtr, Type-II Qtr and Toilet Block Building in the campus of Surangi Police out post (2nd Call).

| | |
|---|---|
| On line downloading start of tender documents | 06.05.2025 @ 11.00 Hrs |
| * Pre-bid meeting | 08.05.2025 @ 12.30 A.M |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 12.05.2025 @ 13.00 Hrs |
| Online Opening of Technical Bid | 12.05.2025 @ 15.00 Hrs |
| On line opening of Price Bid | 12.05.2025 @ 15.30 hrs. (if possible) |

ID.No. 2025_UTDNH_7567_1

For details please scan
dnhtenders.nic.in
ee-bidg-dnh@ddd.gov.in
0260 2642350

I/c. Executive Engineer, P.W.D.,WD-I, DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2025-26/273 Dtd. 06.05.2025

NO.: IP/DMN/2/5/2025-26/432 DATED : 06/05/2025

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.પર/૨૦૨૫

**અરજદાર : મંજુલાબેન કાંતિભાઈ શોરઠી**
**ઉ.વ.૭૨, ધંધો - ઘરકામ**
રહે. કલગામ, તા. ઉમરગામ
(વ.શ્રી. ભૂમિ આર. ટંડેલ)

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી**
**ગ્રામ પંચાયત કચેરી, કલગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંજુલાબેન કાંતિભાઈ સોરઠી** રહે. કલગામ તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પતિ **કાંતિભાઈ ધેડીયાભાઈ સોરઠીનું** મરણ તા.૧૩-૦૫-૧૯૮૨ના રોજ મોજે - કલગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.પર/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM OLD NAME : NANDHUKUMAR K ACHARYA TO NEW NAME : NANDHUKUMAR MADHU ACHARYA, RESIDENT OF 703 7/F ROYAL HEIGHTS,KHARWAD,NEAR MRF TYRE,NANI DAMAN,DAMAN, DAMAN AND DIU-396210.

**SBPP Co-Operative Bank Ltd., (Scheduled Bank)**
**Head office: Parsi Street, Killa Pardi, Dist. - Valsad**
**Phone: 0260-2373270, 2373528**
**Mob. No. 6357937601**

[Established : 1930]
PROUDLY CO-OPERATIVE

**TENDER NOTICE**

SBPP Co-Operative Bank Ltd. Is inviting quote for Construction of Parnera (Atul) Branch Building

Documents can be Downloaded from Tender Section of Bank's Website https://www.pardipeoplesbank.in Tender Document can be submitted duly filed in sealed cover addressed to the undersigned on the address given above.

1. Tender fee Rs.2100.00 (Non-refundable).
2. EMD Rs.1,00,000.00 (Refundable)

Last Date for Submission of Commercial Proposal with Tender Fee & EMD: 14-05-2025 up to 14.00 Hours.
Correspondence Email: contact@pardipeoplesbank.in

**Place: Killa Pardi**
**Date: 06-05-2025**

**Jitendrakumar Kantilal Desai**
**Chairman**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર :૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૧૧/૨૦૨૫ તા.૨૪/૦૨/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદી:- અવિનાશભાઈ રાજેશભાઈ પટેલ, રહે. માન ફ., નાની ઢોલડુંગરી તા.ધરમપુર, જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, નાની ઢોલડુંગરી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **અવિનાશભાઈ રાજેશભાઈ પટેલના** દાદા **વલ્લભભાઈ મંછુભાઈ પટેલ**નું અવસાન તા.૨૦/૦૭/૧૯૯૬નાં રોજ નાની ઢોલડુંગરી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

**જાહેર સૂચના**
**પર્યાવરણીય મંજૂરી**

આ સાથે જણાવવામાં આવે છે કે સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી, પર્યાવરણ ભવન, સેક્ટર ૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ દ્વારા ઈ.આઈ.એ નોટિફિકેશન તારીખ ૧૪ સપ્ટેમ્બર ૨૦૦૬ અને તેના પછીના સુધારાઓની જોગવાઈ હેઠળ સિટી સર્વે નં. એનએ૭૩, એનએ૭૪/૧/૧ અને એનએ૭૪/૧/૨/૧, મોજે સલવાવ, તાલુકો : વાપી, જિલ્લો : વલસાડ, ગુજરાત - ૩૯૬૧૯૧ ખાતે નવા રહેણાંક પ્રોજેક્ટના પ્રસ્તાવિત બાંધકામ માટે તા. ૦૪/૦૫/૨૦૨૫ ના રોજ પત્ર ક્રમાંક નં. SIA/GJ/INFRA2/515578/90101/2024 દ્વારા પર્યાવરણીય મંજૂરી આપેલ છે.

એન્વાયરોમેન્ટ ક્લિયરન્સ (પર્યાવરણીય મંજૂરી) પત્રની નકલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને વેબસાઈટ https://parivesh.nic.in/ ઉપર ઉપલબ્ધ છે.

DATE : ૦૬/૦૫/૨૦૨૫

**AUTHORIZED SIGNATORY**

**PUBLIC NOTICE**
**ENVIRONMENTAL CLEARANCE**

It is here by informed that State Level Environment Impact Assessment Authority (SEIAA), Paryavaran Bhavan, Sector-10A, Gandhinagar-382010 has accorded the Environmental Clearance to Proposed Construction ofNew Residential Projectat City Survey No.: NA73, NA74/1/1 & NA74/1/2/1, Moje: Salvav, Tal.: Vapi, Dist.: Valsad, Gujarat-396191, Vide Letter No.SIA/GJ/INFRA2/515578/90101/2024, dated 04/05/2025under the provision of EIA Notification dated 14th September 2006 and it's subsequent amendments.

Copy of the Environmental Clearance letter is available with GPCB and on website https://parivesh.nic.in/.

DATE:06/05/2025

**AUTHORIZED SIGNATORY**












દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Wednesday 07, May 2025

# દમણગંગા ટાઇમ્સ

VIMAL ENTERPRISE
શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!
આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઈઝ''
જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિંગ કરી આપવામાં આવશે
Mo. 9374135780
CONTACT:RAMBHAI KUSHWAHA.
Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001

## ફણસવાડામાં ૧૦થી વધુ ઘરોના પતરાં ઉડ્યાં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૦૬ :** આજરોજ બપોરે વલસાડ પંથકમાં ભારે પવન વરસાદ પડતા વલસાડના ફણસવાડા ગામે ૧૦ થી વધુ ઘરના પતરા ઊડી જવાની ઘટના બનતા ઘરમાં મુકેલ ઘરવખરી સામાન વરસાદી પાણીમાં ભીંજાઈ જતા પરિવારજનો રસ્તા પર આવી ગયા છે. ભોગ બનનાર પરિવારજનોને સરકાર સહાય આપે તેવી માંગણી કરી છે. તો બીજી તરફ વરસાદના પગલે વલસાડના હાઈવે પર પાણી ભરાતા વાહન ચાલકોને ભારે તકલીફ પડી હતી.

આજરોજ બપોરે વલસાડ પંથક માં એકાએક ભારે પવન સાથે મુશળધાર વરસાદ પડવાનું શરૂ થયું હતું. ત્યારે આજરોજ બપોરે ભારે પવન સાથે વરસાદ પડતા વલસાડ તાલુકાના ફણસવાડા ગામના અતુલ ફળિયામાં રહેતા વિપુલ સુમનભાઈ નાયકા ગુલાબ ભાઈ ભીખાભાઈ નાયકા રાકેશ ભાઈ રામુભાઈ રાઠોડ સહિત વિસ્તારના ૧૦થી વધુ ઘરોના પતરા ઉડી જવાની ઘટના બની છે. વાવાઝોડા સાથે વરસાદ પડતા ઘરના પતરા ઉડી જતા ઘરમાં મુકેલ ઘરવખરી સામાન ભીંજાય જતા પરિવાર રસ્તા પર આવી ગયો હતો. વરસાદ અને વાવાઝોડા થી નુકસાન થતાં ભોગ બનનારને સરકાર સહાય ચૂકવે તેવી માંગણી કરી છે. તો બીજી તરફ વલસાડ તાલુકાના મુળી ગામે ફેબ્રીકેશન ની દુકાન ઉપર લગાવેલા પતરા ઉડી છતાં ભારે નુકસાન થયું છે.

વલસાડ તાલુકાના અંદરગોટા ગામના ગોઠણ ફળિયામાં રહેતા રમેશભાઈ રવજીભાઈ પટેલ આજરોજ બપોરે પવન સાથે વરસાદ પડતા તેમના ઘરના પતરા ઉડી જવાની ઘટના બની હતી. રમેશભાઈ પટેલ પોતાના ઘરની હાલત જોતા તે માનસિક ટેન્શનમાં આવી જતા તેને ખેંચ આવતા ૧૦૮ એમ્બ્યુલન્સમાં વલસાડની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.વલસાડ તાલુકાના ગોરવાડા ગામે લગ્ન મંડપ વરસાદના કારણે તૂટે પડતા લગ્નમાં આવેલા મહેમાનો અને પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. વલસાડ પંથકમાં વરસાદ વલસાડમાંથી પસાર થતો નેશનલ હાઈવે ૪૮ પર ધમડાચી, નંદાવલા , ગુંદલાવ, સર્વોદય જેવા હાઈવે પર નીચાણવાળા રસ્તા પર પાણી ભરાતા વાહનચાલકોને ભારે તકલીફ પડી હતી. બપોરે અચાનક ભારે પવનના કારણે વલસાડ શહેરના સ્ટેડિયમ રોડ પર આવેલ બીડીસી એ ઉપર લગાવેલા પતરા હવામાં ઉડ્યા હતા. તો હાઈવે પર કેરી વેચવા બહારથી આવેલા વેપારીઓને વરસાદથી ભારે નુકસાન થયું હતું.

## વાપીમાં રીક્ષા પર વૃક્ષ પડ્યું : ત્રણ ઘાયલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૦૬ :** આજે સમગ્ર વલસાડ જિલ્લા અને વાપી પંથકમાં બપોરે ત્રણ કલાક બાદ અચાનક હવામાનમાં પલટો આવતા વાવાઝોડા સાથે વરસાદ શરૂ થયો હતો તે દરમિયાન ભારે પવનને લઈ વાપી જીઆઈડીસીના અંબે માતા મંદિર સર્કલ પાસેથી વાપી કોપરલી મુખ્ય માર્ગ ઉપરથી પસાર થતી એક ઓટો રીક્ષા નંબર gj 15 au 5455 ઉપર એક મોટું ઝાડ ધરાશાય થતાં આ રીક્ષા તેના નીચે દબાઈ જવા પામી હતી જેને લઈ રીક્ષા ચાલક અને રિક્ષામાં સવાર ત્રણ મુસાફરોને નાની મોટી ઈજા થતા તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા જ્યારે ઘટનાની જાણ થતા જ તાત્કાલિક વાપી નોટિફાઈડ વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ઝાડને હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી આ દરમિયાન એક તરફનો માર્ગ બંધ કરી દેવામાં આવતા ઘટના સ્થળે ભારે ટ્રાફિકની પરિસ્થિતિ સર્જાઈ હતી જોકે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની ન થતાં હાસકારો લેવાયો હતો.

## કપરાડા તાલુકામાં વરસાદે લગ્ન પ્રસંગની મઝા બગાડી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**કપરાડા, તા.૬ :** કપરાડા તાલુકામાં આજ રોજ ચારેક વાગ્યાના સુમારે અચાનક વાતાવરણ માં પલટો આવતા ભારે પવનના સુસવાટા અને ગાજવીજ સાથે વરસાદ તૂટી પડતા ભારે મુશ્કેલી ઊભી કરી જેમાં ખાસ કરીને હાલે ચાલતા લગ્ન પ્રસંગોની વરસાદે મઝા બગાડી છે. લગ્ન પ્રસંગો માટે બનેલું ભોજન પાણીમાં પલળી ગયું હોવાની વિગત મળવા પામી છે. આ ઉપરાંત ભારે પવન ફુંકાતા કેરી ખરી પડી હોવાને કારણે ભારે નુકશાન થયું હોવાનું જાણવા મળે



છે . જેને લઈ ખેડૂતો વધુ એક વાર કુદરતી આફતમાં સપડાયા હોય જેથી ખેડૂતોને આર્થિક નુકસાનના કારણે ચિંતાતુર બન્યા છે.

## દમણ-દાનહમાં ગાજવીજ સાથે વરસાદ : ખેડૂતો મુંઝાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ, તા.૦૬ :** સેલવાસ શહેર તેમજ દાદરા નગર હવેલીના અંદરૂના વિસ્તારોમાં મંગળવારના રોજ અચાનક વાતાવરણમાં પલટો આવી જતા વીજળીના કડાકા-ભડાકા અને તીવ્ર પવન સાથે અસામયિક વરસાદ વરસ્યો હતો. સેલવાસ ઉપરાંત માંદોની, સિંદોની, બેડપા સહિતના ગામોમાં પણ વરસાદ નોંધાયો છે.

ખેતીવાડી તજજ્ઞોના જણાવ્યા મુજબ, હાલમાં કેરીના પાકમાં મોર કેરીથી મૂઠ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે, ત્યારે આવા સમયે પડેલા વરસાદથી કેરીના પાકને ભારે નુકસાન પહોંચવાની શક્યતા છે. તદુપરાંત શાકભાજી ઉગાડતા ખેડૂતો માટે પણ આ વરસાદ નુકસાનકારક બની રહ્યો છે. ખેતરોમાં પાણી ભરાઈ જતાં પાકને ફૂગ લાગવાની સંભાવના છે.

જિલ્લાના કેટલાક ગામડાઓમાં ખેતરોમાં પાણી ભરાવાની હાલત સર્જાઈ છે. હવામાન વિભાગે આગાહી આપી છે કે આગામી બે દિવસ દરમિયાન પણ વરસાદની શક્યતા યથાવત્ રહેશે, જેને કારણે ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. એક તજજ્ઞે જણાવ્યું હતું કે, આવા અસામયિક વરસાદથી પાકના વિકાસ ચક્રમાં વિક્ષેપ સર્જાય છે અને ઉપજમાં ઘટાડો થવાની પૂરી શક્યતા છે.

વિશ્વાસૂત્રો અનુસાર, તંત્ર દ્વારા ખેડૂતોને સલાહ આપવામાં આવી રહી છે કે ખેતરોમાં નિકાસ વ્યવસ્થા સુધારવી, રસાયણિક છાંટકાવ હાલ ટાળવો અને પાકમાં રોગના લક્ષણો દેખાય તો તાત્કાલિક પગલાં લેવું.

બીજી બાજુ કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં મંગળવારે સાંજે અચાનક હવામાન બદલાયું. ભારે પવન સાથે ધૂળનું તોફાન આવ્યું, જેના કારણે થોડા સમય માટે ચારે બાજુ અંધકાર છવાઈ ગયો. આ પછી તરત જ, કોઈ પણ વરસાદ વગર વરસાદ શરૂ થયો, જેનાથી આખો વિસ્તાર ભીંજાઈ ગયો.

વરસાદને કારણે થોડા સમય માટે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. લોકો છત્રીઓ સાથે રસ્તાઓ પર જોવા મળ્યા, જ્યારે કેટલાક લોકોએ દુકાનો અને ઈમારતો નીચે આશરો લીધો. જોકે, વરસાદથી લોકોને ગરમીથી રાહત મળી અને ઘરો અને ઝાડ પર ઘણા દિવસોથી જામેલી ધૂળ પણ ધોવાઈ ગઈ, જેના કારણે વાતાવરણ તાજગીભર્યું બન્યું. વરસાદ દરમિયાન, આકાશમાં જોરદાર વીજળી અને ગર્જના પણ સંભળાઈ, જેના કારણે હવામાન વધુ નાટકીય બન્યું.

## ઉમરગામમાં ઝડપી પવન સાથે માવઠું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ, તા.૦૬ :** ઉમરગામ તાલુકામાં આજે રહેલી સવારે જરમર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે હવામાન ખાતા દ્વારા દક્ષિણ ગુજરાતમાં ઝડપી પવન સાથે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. સોમવારે સાંજે ઝડપી પવન અને વાદળછાયા વાતાવરણ બાદ મંગળવારે વહેલી સવારે વરસાદ વરસતા બાગાયત ખેતી કરતાં ખેડૂતો માં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે છેલ્લા ત્રણ વર્ષથી ઉમરગામ તાલુકામાં કેરીના પાકને નુકસાન થતાં ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે. ગત વર્ષની તુલનામાં આ વર્ષે કેરીનો પાક ખૂબ ઓછો છે. સાંપ્રત સમયમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. ઉમરગામ તાલુકાના દરિયાકાંઠા વિસ્તારમાં ઝડપી પવન ફૂંકાતા નારગોલ મરોલી વગેરે વિસ્તારમાં લોકો રાહત અનુભવી રહ્યા છે.

## ધરમપુરમાં વાવાઝોડાથી પતરાં ઉડ્યાં, વૃક્ષ, વીજપોલ ધરાશાયી


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૦૬ :** અંબાલાલ પટેલે કરેલ આગાહી અનુસાર ધરમપુર વિસ્તારમાં બપોરના ત્રણેક વાગ્યાના સુમારે વાતાવરણને પલટો લેતા પવનના સુસ્વાટા અને ગાજવીજ સાથે વરસાદ વરસતા ધરમપુર નગર સહિત તાલુકા વિસ્તારના ગામડાઓમાં વૃક્ષ ઘરોના પતરા વીજ પોલ ધરાસહી થતા વીજ પાવર બંધ થઈ જવા પામ્યો હતો. જોકે બપોરે ત્રણથી ચાર વાગ્યાના સુમારે ભારે પવન સાથે વરસાદ વરસતા ધરમપુર વિસ્તાર સહિત વાંસદા માર્ગ વચ્ચે વૃક્ષ ધરાશયી થતાં વાહન ચાલકોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જોકે ત્યારબાદ વરસાદ અને પવનની ગતિ ધીમી પડતા આમ જનતાએ હાસકારો અનુભવ્યો હતો. જોકે આઠ વાગ્યા પછી ફરી પવનના સુસ્વાટા ગાજવીજ સાથે વરસાદ વરસતા આમ જનતાના જીવ અધ્ધર થઈ ગયા હતા ત્યારબાદ ફરી વીજ પાવર ખોરવાતા ધરમપુર નગર સહિત રહેણાંકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અતિશય પવનના કારણે ધરમપુર વિસ્તાર ની આંબાવાડીમાં કેરીના પાકમાં ભારે નુકસાન થવાની માહિતી પ્રાપ્ત થવા પામી હતી.

## તિથલમાં ડમ્પર ચાલકે ૮ વીજપોલ તોડી પાડ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૬ :** આજરોજ સવારે તિથલના લશ્કરી રોડ પરથી પસાર થઈ રહેલ ડમ્પરનું હાઈડ્રોલિક અચાનક ઉંચુ થતાં એક સાથે આઠ થાંભલા અને ટ્રાન્સફોર્મર તૂટી પડવાની ઘટના બનતા વિસ્તારમાં લાઈટ ડૂલ થઈ ગઈ હતી જોકે ઘટનાની જાણ થતા વીજ કંપનીના કર્મચારીઓ તત્કાલિક નવા થંભલા નાખી વીજ પુરવઠો આપવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી વીજ પુરવઠો ચાલુ કરતા વિસ્તારના રહીશોને મોટી રાહત મળી હતી.

વલસાડ ના તિથલ વિસ્તારમાં માટી ખાલી કરી એક ડમ્પર નંબર જીજે ૧૭ / એક્સ એક્સ / ૨૧૩૯ ચાલક ખાલી ડમ્પર લઈ વલસાડ તરફ જતી વખતે તિથલ લશ્કરી રોડ પર હાઈડ્રોલિક નું અચાનક ઉંચુ થતાં વીજ વાયર ફસી જતા એક સાથે આઠ થાંભલા સાથે ટ્રાન્સફોર્મર તૂટી પડવાની ઘટના બનતા વિસ્તારમાં લાઈટ ડૂલ થઈ ગઈ હતી જોકે ઘટનાની જાણ થતા વીજ કંપનીના કર્મચારીઓ તત્કાલિક નવા થંભલા નાખી વીજ પુરવઠો આપવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી વીજ પુરવઠો ચાલુ કરતા વિસ્તારના રહીશોને મોટી રાહત મળી હતી.

## ગણદેવી તાલુકા ૫૮ ગામોના ૨૫૨ મકાનોનાં પતરાં ઉડ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૫ :** બીલીમોરા અને ગણદેવી તાલુકામાં સોમવાર રાત્રી બાદ મંગળવાર બપોરે ફરી એક કલાકના તોફાની પવન સાથે વરસાદી ચક્રવાત એ વિનાશ વેર્યો હતો. જેમાં સેંકડો મકાનોના પતરાં, છાપરા ઉડવા સાથે તૈયાર કેરી પાક નો સોથ વળી ગયો હતો. માર્ગ ઉપર વૃક્ષો, વીજપોલ તૂટી પડતા વાહન વ્યવહાર થંભી ગયા હતા. તંત્ર નુકશાની નો ક્યાસ લગાવી રહ્યું છે. ગણદેવી પીપલ્સ બેંક ની છત ઉપરનો કનેક્ટિવિટી ટાવર સોલાર પેનલ ઉપર તૂટી પડતા રૂ.૧૦ લાખ થી વધુ ની નુકશાની થઈ હતી.

હવામાન વિભાગની આગાહી વચ્ચે ગણદેવી તાલુકાના વાતાવરણમાં સોમવાર રાત્રે પલટો આવ્યા બાદ ફરી મંગળવાર બપોરે એક કલાકના તોફાની પવન અને વરસાદે ગામે ગામ વિનાશ વેર્યો હતો. પવન ની તીવ્રતા સાથે ઝાપટું વરસતા માર્ગો ઉપર ઠેર ઠેર પાણી ના વહેણ સર્જાયા હતા. ગણદેવી તાલુકા ૫૮ ગામોના ૨૫૨ મકાનો નાં પતરાં ઉડ્યા હતા. બીગરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ની સોલાર પેનલ ઉડી ગઈ હતી.બીલીમોરા ડેપો સામે રેલવે અન્ડર પાસ માં પાણી ફરી વળતા માર્ગ બંધ થયો હતો. લોકો એ ઓવરબ્રિજ નો સહારો લીધો હતો. બીલીમોરા, તલોધ ગમે વૃક્ષઓ તૂટી પડ્યા હતા. આંબાવાડી માં તૈયાર કેરીઓ તૂટી પડી હતી. મકાન નિર્માણ અને લગ્ન માંડી ને બેઠેલા પરીવારો માટે વણનોતર્યા વરસાદે વિઘ્નો ઉભા કર્યા હતા.

## કરંજવેરીની પરિણીતા ગુમ

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના કરંજવેરી પટેલ ફળિયા ખાતે રહેતા ૩૭ વર્ષીય સુમિત્રાબેન રણજીતભાઈ માહલા તા.૨૮/૦૪/૨૦૨૫ના રોજ સાંજે ૪-૩૦ વાગ્યા દરમિયાન પોતાના ઘરેથી તેમના પિયર અંકલાછ ખાતે લગ્નમાં જવનું કહીને ધરમપુરના વાલોડ ફળિયાથી નીકળ્યા હતા. ત્યાંથી સાંજના સમયે ખાટાઆંબા ખાતે લગ્નમાં જાઉં છું કહીને નીકળી ગયા હતા. ત્યાઅરબાદ તેઓએ તેમનો ફોન પણ સ્વીચ ઓફ કરી દીધો હતો. તેઓ કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજદિન સુધી પરત ફર્યા નથી. તેઓ મધ્યમ બાંધો, ઘઉંવર્ણ, લંબગોળ ચેહરો અને ૫ ફૂટ ઉંચાઈ ધરાવે છે.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સિવિલ ડિફેન્સ મોકડ્રિલ અને બ્લેકઆઉટ માટે શું તૈયારી રાખવી?

મોકડ્રિલનો સમય
બપોરે ૪ વાગે (૦૭/૦૫/૨૦૨૫)
બ્લેકઆઉટનો સમય
સાંજે ૭:30 વાગે (૦૭/૦૫/૨૦૨૫)

બ્લેકઆઉટ માટેની તૈયારી
- ઘરની બારીઓને જાડા પડદા અથવા પૂંઠાથી ઢાંકો
- એલર્ટ દરમિયાન ઘરની અંદરની અને બહારની લાઇટ બંધ રાખો
- બારી નજીક મોબાઇલ ફોન તેમજ પ્રકાશ ફેલાવતા ઉપકરણોનો ઉપયોગ ટાળો
- બ્લેકઆઉટના સમય પહેલાં ઘરે પહોંચી જવું, બિનજરૂરી બહાર ન નીકળવું
- સોસાયટી કે ફ્લેટ સંચાલિત કોમન લાઇટ પણ બંધ કરવી, સોલાર પેનલ પરની અને સૌરઊર્જાથી ચાલતી લાઇટ પણ બંધ રાખવી

આપાતકાલીન પુરવઠો
- બેટરી કે સોલાર પાવર્ડ ટોર્ચ, રેડિયો અને ગ્લોઇંગ સ્ટિક હાથવગા રાખો.
- પરિવાર માટે જરૂરી ઇમરજન્સી કિટ તૈયાર રાખો:પાણી, સૂકાં નાસ્તા અને સામાન્ય દવાઓ સહિતની વસ્તુઓ

સલામત સ્થળની તૈયારી
- ઘરની અંદર કોઈ સલામત ઓરડો કે ભોંયરાની પસંદગી કરો જ્યાં પરિવારના બધા સભ્યો એકત્રિત થઈ શકે
- પરિવારના બધા સભ્યો અભ્યાસ કરો, જેમાં ઘરની લાઈટ બંધ કરો અને એક - બે મિનિટમાં સલામત સ્થળે પહોંચી જવાય

એલર્ટ માટેની જાગૃકતા
- સાયરનના અવાજ પરથી તેનો સંકેત જાણો (જેમકે લાંબા સમય સુધી સાયરન વાગે તો સતર્ક થઈ જવું, ટૂંકા સમય માટે વાગે તો બધું બરાબર સમજવું)
- રેડિયો/ ટીવી પરથી અધિકારીક સૂચના મેળવતા રહો (આકાશવાણી/ દૂરદર્શન)
- બે મિનિટ સુધી સતત એક સમાન આવર્તનમાં સાયરન વાગે તો સમજવું કે હવાઈ હુમલો કરનારા વિમાનો આગળ વધી ગયા છે
- બે મિનિટ સુધી ઉતાર ચઢાવ ધરાવતા આવર્તનમાં સાયરન વાગે તો તેને એક્શન વોર્નિંગ સમજવી અને હવાઈ હુમલાથી બચવા તૈયાર રહો

ઉપયોગી સંસાધન (ગેસ/ વીજળી વગેરે)
- બ્લેકઆઉટ જાહેર થતાં જ ગેસ અને વીજળીથી ચાલતા ઉપકરણો બંધ કરી દેવા, જેથી આગ લાગવાનો ખતરો ન રહે
- અંધારામાં બાળકો અને પાલતુ પશુઓની વિશેષ કાળજી રાખવી

આ મોકડ્રિલ ગુજરાતના ૧૮ જિલ્લાઓમાં યોજાશે
સાવચેતી એ જ સલામતી

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**